‘લગાંગ઼ા’ સંધિ અને સંગીતના તાલ

ફિલ્મી અને ગેરફિલ્મી ગીત-ગઝલમાં એક નિશ્ચિત છંદના ગીત-ગઝલ માટે તાલ ઝપતાલ, દાદરા, જલદ દાદરા (દાદરા-ચલતી), દીપચંદી અને કહેરવા (બે પ્રકારે) પ્રયોજાયેલા જોવા મળે છે. આ છંદની ઉદાહરણ સહિત ચર્ચા પ્રસ્તુત છે. ચર્ચા શરુ કરતા પહેલાં એ જ છંદનો મારો એક શેર છંદની માહિતી સહિત પ્રસ્તુત છે. આ શેરનું પ્રસ્તુત ફિલ્મી-ગેરફિલ્મી ઉદાહરણમાં સરળતાથી ગાયન કરી શકાય છે.

મનન શું, કવન શું, ચલન શું ‘ઉદય’નું?
ગઝલ છે! ગઝલ છે! ગઝલ છે! બીજું શું!
- ઉદય શાહ

રદીફ : *

કાફિયા : ‘નું’ અને ‘શું’
કાફિયા-વ્યવસ્થા : ઉંકારાંત

છંદ : લગાંગ઼ા લગાંગ઼ા લગાંગ઼ા લગાંગ઼ા
તર્ક-સંગત નામ : ૪લગાંગ઼ા
(ઉપર ટપકું મુખ્ય પદ્યભાર અને નીચે ટપકું ગૌણ પદ્યભાર)

લગાંગ઼ા = ૧+૨+૨ = ૫
લઘુ એટલે કે ‘લ’ની ૧ માત્રા અને ગુરુ એટલે કે ‘ગા’ની ૨ માત્રાના હિસાબે ‘લગાંગ઼ા’ સંધિના એક આવર્તનની કુલ માત્રા ૫ થાય અને છંદની કુલ માત્રા ૨૦ થાય.

ગણવિભાજન :-
લ, ગાં, ગ઼ા/ લ, ગાં, ગ઼ા/ લ, ગાં, ગ઼ા/ લ, ગાં, ગ઼ા/
મ, નન, શું/ ક, વન, શું/ ચ, લન, શું/ ઉ, દય,નું/
ગ, ઝલ, છે/ ગ, ઝલ, છે/ ગ, ઝલ, છે/ બી, જું, શું/

નીચે દર્શાવેલ જુદા-જુદા ગીત-ગઝલમાં ઉપરોક્ત બંને પંક્તિનું સરળતાથી ગાયન કરી શકાય છે કારણ કે એ દરેકનો છંદ એકસરખો જ છે. એક જ છંદ માટે જુદા-જુદા તાલના ગીત-ગઝલના ઉદાહરણ દરેક પંક્તિના ઉપાડની માત્રા સહિત પ્રસ્તુત છે. પહેલા, બીજા, ચોથા અને પાંચમા ઉદાહરણમાં તાલના એક આવર્તનમાં ‘લગાંગ઼ા’ના બે આવર્તન આવતા હોવાથી

'લગાંગ઼ા'ના પહેલા આવર્તનના મુખ્ય પદ્યભાર પર સમ અને બીજા આવર્તનના મુખ્ય પદ્યભાર પર ખાલી આવશે તથા ત્રીજા ઉદાહરણમાં તાલના એક આવર્તનમાં 'લગાંગ઼ા'નું એક જ આવર્તન આવતું હોવાથી 'લગાંગ઼ા'ના મુખ્ય પદ્યભાર પર સમ અને ગૌણ પદ્યભાર પર ખાલી આવશે.

૧

ઝમાને કા દસ્તૂર હૈ યે પુરાના
મિટા કર બનાના બના કર મિટાના
ગાયક : મુકેશ – લતામંગેશ્કર
તાલ : ઝપતાલ (૧૦ માત્રા)
તાલ ઝપતાલની ૧૦મી માત્રાથી ઉપાડ
(જો ઝપતાલની લય પ્રમાણમાં ધીમી હોય તો ૧૦મી માત્રાને બદલે ૧૦મી અને ૧લી માત્રાની વચ્ચેથી એટલે કે ૦.૫મી માત્રાથી પણ ઉપાડ કરી શકાય.)
ઝ, મા, ને/ કા, દસ્, તૂ/ ર, હૈ, યે/ પુ, રા, ના/
મિ, ટા, કર/ બ, ના, ના/ બ, ના, કર/ મિ, ટા, ના/
https://www.youtube.com/watch?v=7z33QTI-erU

૨

તેરી બેરુખી ઔર તેરી મેહરબાની
યહી મૌત હૈ ઔર યહી ઝિંદગાની
ગાયક : જગજીત સિંઘ
તાલ : દાદરા (૬ માત્રા)
તાલ દાદરાની ૬ઠ્ઠી અને ૧લી માત્રાની વચ્ચેથી એટલે કે ૦.૫મી માત્રાથી ઉપાડ
તે, રી, બે/ રૂ, ખી, ઔર્/ તે, રી, મેહ્/ ર, બા, ની/
ય, હી, મૌ/ ત, હૈ, ઔર્/ ય, હી, ઝિં/ દ, ગા, ની/
https://www.youtube.com/watch?v=0U_XsJFf1m8

3

ન યે ચાંદ હોગા ન તારે રહેંગે
મગર હમ હમેશા તુમ્હારે રહેંગે
ગાયક : ગીતા દત્ત
તાલ : જલદ દાદરા એટલે કે દાદરા ચલતી (૬ માત્રા)

તાલ જલદ દાદરાની ૬ઠ્ઠી માત્રાથી ઉપાડ

ન, યે, ચાં/ દ, હો, ગા/ ન, તા, રે/ ર, હેં, ગે/

મ, ગર, હમ/ હ, મે, શા/ તુ, મ્હા, રે/ ર, હેં, ગે/

https://www.youtube.com/watch?v=XxxYM7uM7hM

૪

અજી રૂઠ કર અબ કહાં જાઇએગા

જહાં જાઇએગા હમેં પાઇએગા

ગાયિકા : લતા મંગેશ્કર

તાલ : દીપચંદી (૧૪ માત્રા)

તાલ દીપચંદીની ૧૪મી માત્રાથી ઉપાડ

(જો તાલ રૂપકનો પ્રયોગ કરવામાં આવે તો ૭મી માત્રાથી ઉપાડ થાય.)

અ, જી, રૂ/ ઠ, કર, અબ/ ક, હાં, જા/ ઇ, એ, ગા/

જ, હાં, જા/ ઇ એ, ગા/ હ, મેં, પા/ ઇ, એ, ગા/

https://www.youtube.com/watch?v=J7eGxHdSHcE

૫

કિસી બાત પર મૈં કિસીસે ખફા હૂં

મૈં ઝિંદા હૂં પર ઝિંદગી સે ખફા હૂં

ગાયક : કિશોરકુમાર

તાલ : કહેરવા (૮ માત્રા)

તાલ કહેરવાની ૮મી માત્રાથી ઉપાડ

(જો તાલ કહેરવાની લય પ્રમાણમાં ધીમી હોય તો ૮મી માત્રાને બદલે ૮મી અને ૧લી માત્રાની વચ્ચેથી એટલે કે ૦.૫મી માત્રાથી પણ ઉપાડ કરી શકાય.)

કિ, સી, બા/ ત, પર, મૈં/ કિ, સી, સે/ ખ, ફા, હૂં/

મૈં, ઝિં, દા/ હૂં, પર, ઝિં/ દ, ગી, સે/ ખ, ફા, હૂં/

https://www.youtube.com/watch?v=RE2JVsB5avE

૬

કહાં તક યે મન કો અંધેરે છલેંગે

ઉદાસી ભરે દિન કભી તો ઢલેંગે

ગાયક : કિશોરકુમાર

તાલ : કહેરવા (૮ માત્રા)

તાલ કહેરવાની ૩જી માત્રાથી ઉપાડ

(જો તાલ કહેરવાની લય અડધી કરીને ૮ને બદલે ૪ માત્રાના હિસાબે ગણતરી કરવામાં આવે તો ૨જી માત્રાથી ઉપાડ)

ક, હાં, તક/ યે, મન, કો/ અં, ધે, રે/ છ, લેં, ગે/

ઉ, દા, સી/ ભ, રે, દિન/ ક, ભી, તો/ ઢ, લેં, ગે/

https://www.youtube.com/watch?v=fRlPQHFIfyc

કોઈ સ્વરકાર આ જ છંદની કોઈ રચનાને સ્વરબદ્ધ કરશે તો એ મોટેભાગે ઉપરોક્ત પ્રકાર પૈકી કોઈ એક પ્રકારે જ તાલબદ્ધ થશે.

આ જ છંદના ગીત-ગઝલના વધુ ઉદાહરણ પ્રસ્તુત છે કે જેના તાલ ઓળખીને દરેક પંક્તિઓ ઉપાડ કઈ માત્રાથી થાય છે એ નક્કી કરીને ઉપરોક્ત માહિતી સાથે સરખામણી કરી શકો છો.

છંદ : લગાંગ઼ા લગાંગ઼ા લગાંગ઼ા લગાંગ઼ા

તર્ક-સંગત નામ : ૪લગાંગ઼ા

૧

કહાં જા રહા હૈ તૂ ઐ જાનેવાલે

(મોહમ્મદ રફી)

૨

તેરે દર પે આયા હૂં ફરિયાદ લે કર

(તલત મહમૂદ)

૩

હમેં કાશ તુમસે મુહબ્બત ન હોતી

(લતા મંગેશ્કર)

૪

મુઝે પ્યાર કી ઝિન્દગી દેને વાલે

(મુહમ્મદ રફી – આશા ભોંસલે)

૫

મુહબ્બત કી ઝૂટી કહાની પે રોએ
(લતા મંગેશ્કર)

૬
સદા ખુશ રહે તૂ જફ઼ા કરને વાલે
(મુકેશ)

૭
તેરી યાદ દિલ સે મિટાને ચલા હૂં
(મુકેશ)

૮
યે મહલોં યે તખ્તોં યે તાજોં કી દુનિયા
(મુહમ્મદ રફ઼ી)

૯
યે કૈસી મુહબ્બત કહાં કે ફ઼સાને
(જગજીત સિંઘ)

૧૦
અગર હમ કહેં ઔર વો મુસ્કુરા દેં
(જગજીત સિંઘ – ચિત્રા સિંઘ)

ઉપરોક્ત દરેક ગીત-ગઝલની દરેક પંક્તિમાં ‘લગાંગ઼ા’ સંધિના ૪ આવર્તનોનો પ્રયોગ થયો છે. દરેક પંક્તિમાં ‘લગાંગ઼ા’ સંધિના ૮ આવર્તનોનો પ્રયોગ થયો હોય એવા ગીત-ગઝલના ઉદાહરણ પ્રસ્તુત છે કે જેના તાલ ઓળખીને દરેક પંક્તિઓ ઉપાડ કઈ માત્રાથી થાય છે એ નક્કી કરીને ઉપરોક્ત માહિતી સાથે સરખામણી કરી શકો છો.

છંદ : લગાંગ઼ા લગાંગ઼ા લગાંગ઼ા લગાંગ઼ા લગાંગ઼ા લગાંગ઼ા લગાંગ઼ા લગાંગ઼ા
તર્ક-સંગત નામ : ૮લગાંગ઼ા

૧
યે સોને કી દુનિયા યે ચાંદી કી દુનિયા યહાં આદમી કી ભલા બાત ક્યા હૈ
(હેમંતકુમાર)

૨

જો ઉનકી તમન્ના હૈ બરબાદ હો જા તો ઐ દિલ મુહબ્બત કી કિસ્મત બના દે

(મુહમ્મદ રફી)

૩

મેરે પાસ આઓ નઝર તો મિલાઓ ઇન આંખોં મેં તુમકો જવાની મિલેગી

(લતા મંગેશ્કર)

૪

તેરે પ્યાર કો ઇસ તરહ સે ભુલાના ન દિલ ચાહતા હૈ ન હમ ચાહતે હૈં

(મુકેશ)

૫

તુઝે પ્યાર કરતે હૈં કરતે રહેંગે કિ દિલ બનકે દિલ મેં ધડકતે રહેંગે

(મુહમ્મદ રફી અને સુમન કલ્યાણપુર)

૬

મુઝે દુનિયાવાલોં શરાબી ન સમઝો મૈં પીતા નહીં હૂં પિલાઈ ગઈ હૈ

(મુહમ્મદ રફી)

૭

તુમ્હેં ઝિન્દગી કે ઉજાલે મુબારક અંધેરે હમેં આજ રાસ આ ગએ હૈં

(મુકેશ)

૮

મેરી યાદ મેં તુમ ન આંસૂ બહાના ન જી કો જલાના મુઝે ભૂલ જાના

(તલત મહમૂદ)

૯

તુમ્હી મેરે મંદિર તુમ્હી મેરી પૂજા તુમ્હી દેવતા હો તુમ્હી દેવતા હો

(લતા મંગેશ્કર)

૧૦

સુના થા કિ વો આએંગે અંજુમન મેં સુના થા કિ ઉનસે મુલાકાત હોગી

(જગજીત સિંઘ – ચિત્રા સિંઘ)

૧૧
જવાની કે હીલે હયા કે બહાને યે માના કિ તુમ મુઝસે પર્દા કરોગી
(જગજીત સિંઘ)

૧૨
કોઈ ચૌદવીં રાત કા ચાંદ બન કર તુમ્હારે તસવ્વુર મેં આયા તો હોગા
(જગજીત સિંઘ)

મારા હિન્દી પુસ્તક 'ગઝલધારા'ના પ્રકરણ ૭ અને ૮માં મેં ગઝલના જુદા-જુદા છંદોના સંગીતના તાલ સાથેના સમન્વયની ચર્ચા દ્વારા ગઝલનું તાલશાસ્ત્ર પ્રસ્તુત કર્યું છે તથા એ દરેકના ફિલ્મી અને ગેરફિલ્મી ગીત-ગઝલના ઉદાહરણ પણ પ્રસ્તુત કર્યા છે. આ રીતે ગઝલનું તાલશાસ્ત્ર પ્રસ્તુત થયું હોય એવું 'ગઝલધારા' એકમાત્ર પુસ્તક હશે. આ પુસ્તક મારી વેબસાઈટ પરથી વિનામુલ્યે ડાઉનલોડ કરી શકો છો.

Uday Shah
115/A, DharminNagar,
Kabilpore,
Navsari – 396424,
Gujarat – India.
(M) +919428882632
Website : https://sites.google.com/site/udayshahghazal/